/o

IIM, CEPT, NIFT, NLU જેવી ALL INDIA લેવલની સ્પર્ધાત્મક પરીક્ષા તેમજ વિદેશ જવા માટે આપવી પડતી IELTS, TOEFL, GRE ની પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ સહાય આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૩/એનબી-૭૪૧/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૦/૦૯/૨૦૨૨

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૦૮/૨૦૧૪નો સરખા ક્રમાંકનો ઠરાવ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯/૧૦/૨૦૧૪નો સરખા ક્રમાંકનો સુધારા ઠરાવ
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૩/૦૧/૨૦૨૦નો સરખા ક્રમાંકનો સુધારા ઠરાવ
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫/૦૬/૨૦૨૧નો સરખા ક્રમાંકનો સુધારા ઠરાવ
(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૪/૦૩/૨૦૨૨નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/૨૦૨૧-૨૨/૪૦૭૦
(૬) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૫/૦૫/૨૦૨૨નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/૨૦૨૨-૨૩/૮૬

**આમુખઃ-**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને IIM, CEPT, NIFT, NLU જેવી ALL INDIA લેવલની સ્પર્ધાત્મક પરીક્ષા તેમજ વિદેશ જવા માટે આપવી પડતી IELTS, TOEFL, GRE ની પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ સહાય ચૂકવવાની યોજના હાલ અમલમાં છે, જે માટે અનુસરાતા વંચાણે લીધેલા ઉક્ત ઠરાવોની જોગવાઇની વિગતો નીચે મુજબ છે:

| ક્રમ | ઠરાવ ક્રમાંક અને તારીખ | વિગત |
|---|---|---|
| ૧ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૦૮/૨૦૧૪નો સરખા ક્રમાંકનો ઠરાવ | પ્રસ્તુત ઠરાવથી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભણતા ૭૦% થી વધુ ગુણ મેળવેલ હોય તેવા તમામ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને તથા ૮૦% થી વધુ ગુણ અને વાર્ષિક આવક રૂ.૪.૫૦ લાખથી ઓછી હોય તેવી આર્થિક રીતે |

| | | |
|---|---|---|
| | | પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને IIM, CEPT, NIFT, NLU જેવી ALL INDIA લેવલની સ્પર્ધાત્મક પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ પેટે વિદ્યાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/-ની મર્યાદામાં રીઝલ્ટબેઝ ક્રાઇટેરીયા નિયત કરી સંસ્થાઓની પસંદગી કરી સંસ્થા ઇમ્પેનલ કરી નક્કી થયેલ સંસ્થાઓને સહાય ચૂકવવાની યોજના અમલમાં આવેલ. |
| ૨ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯/૧૦/૨૦૧૪નો સરખા ક્રમાંકનો સુધારા ઠરાવ | પ્રસ્તુત ઠરાવથી ધોરણ-૧૧,૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં હોય અને ધોરણ-૧૦માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેવા તમામ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને IIM, CEPT, NIFT, NLU જેવી ALL INDIA લેવલની સ્પર્ધાત્મક પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ પેટે વિદ્યાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/-ની મર્યાદામાં ખર્ચ કરી લાભ આપવાનો રહેશે. |
| 3 | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૩/૦૧/૨૦૨૦નો સરખા ક્રમાંકનો સુધારા ઠરાવ | પ્રસ્તુત ઠરાવથી ઉક્ત યોજનાની જોગવાઇઓમાં નીચે મુજબના સુધારા કરવામાં આવેલ:<br>(૧) આ યોજના હેઠળ સહાય ડીબીટી મારફતે સીધી જ વિદ્યાર્થીના ખાતામાં જમા કરવામાં આવશે.<br>(૨) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની માફક ૭૦ ટકાથી વધારે ગુણ મેળવેલ હોય તેવી અને વાર્ષિક આવક રૂ.૪.૫ લાખથી ઓછી હોય તેવી આર્થિક રીતે પછાત વર્ગના કુટુંબની દિકરીઓને પણ પ્રવેશ આપી શકાશે.<br>(3) ત્રણ વર્ષનો અનુભવ ધરાવતી સંસ્થામાં વિદ્યાર્થીએ પ્રવેશ મેળવવાનો રહેશે તથા કોચીંગ સહાય સીધી જ ડીબીટી મારફતે વિદ્યાર્થીના ખાતામાં જમા કરવામાં આવશે. |
| ૪ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫/૦૬/૨૦૨૧નો સરખા ક્રમાંકનો સુધારા ઠરાવ | પ્રસ્તુત ઠરાવથી ઉક્ત યોજનાની જોગવાઇઓમાં નીચે મુજબના સુધારા કરવામાં આવેલ:<br>(૧) CEPT, NIFT, NLUના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમની પ્રવેશ પરીક્ષાની કોચીંગ સહાય માટે વિદ્યાર્થીએ ધો.૧૦માં ૬૫ % કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ અને ધો.૧૧-૧૨ ના કોઇ પણ પ્રવાહમાં અભ્યાસ કરતા હોવા જોઇએ. |

| | | |
|---|---|---|
| | | (૨) જ્યારે IIMના અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમની પ્રવેશ પરીક્ષાની કોચીંગ સહાય માટે વિદ્યાર્થીએ ધો.૧૨ના કોઇ પણ પ્રવાહમાં ૬૫% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ અને કોઇ પણ પ્રવાહના સ્નાતક અભ્યાસક્રમના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા હોવા જોઇએ અથવા સ્નાતક થયેલ હોય તો સ્નાતકની પરીક્ષામાં ૬૦% થી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ.<br><br>(૩) IELTS, TOEFL, GRE જેવી વિદેશ અભ્યાસના હેતુસર આપવાની થતી પરીક્ષાની કોચીંગ સહાય માટે વિદ્યાર્થીએ ધો.૧૨ના કોઇ પણ પ્રવાહમાં ૬૫% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ.<br><br>વધુમાં, પ્રસ્તુત ઠરાવથી ઉક્ત યોજના અંતર્ગત તાલીમી સંસ્થાઓની પસંદગી માટે રીઝલ્ટબેઝ ક્રાઇટેરિયા ઉપરાંત નીચે મુજબના ધારા ધોરણો ધ્યાને લેવાનું ઠરાવેલ:<br><br>૧) સંસ્થા ત્રણ વર્ષ કરતાં વધારે અનુભવ ધરાવતી હોવી જોઇએ.<br><br>૨) સંસ્થા GST નંબર ધરાવતી હોવી જોઇએ.<br><br>૩) સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની હાજરી માટે બાયોમેટ્રીક (ફીંગર પ્રિંટ) મશીન હોવું જોઇએ તેમજ સંસ્થાએ સમગ્ર કોર્ષ દરમ્યાનની હાજરીની વિગતો નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીને મોકલવાની રહેશે.<br><br>૪) સંસ્થા અન્ય સરકારી ધારા ધોરણોનું પાલન કરતી હોવી જોઇએ.<br><br>૫) આ યોજનામાં પારદર્શકતા જળવાય તે માટે સદરહુ યોજનાના લાભાર્થીઓને આધાર નંબર સાથે લીંક કરવાના રહેશે. |

વંચાણે લીધા ક્રમાંક (૫) અને (૬) પરના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ઉક્ત યોજના માટેના અગાઉના ઠરાવોનું સંકલન તથા તેમાં જરૂરી સુધારા-વધારા કરવા માટે દરખાસ્ત કરેલ, જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને IIM, CEPT, NIFT, NLU જેવી ALL INDIA લેવલની સ્પર્ધાત્મક પરીક્ષા તેમજ વિદેશ જવા માટે આપવી પડતી IELTS, TOEFL, GRE ની પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ સહાય આપવાની યોજના માટે વંચાણે લીધા ક્રમાંક (૧), (૨), (૩) અને (૪) પરના ઠરાવ અને સુધારા ઠરાવ રદ કરીને તેના સ્થાને નીચે મુજબનો સંકલિત ઠરાવ અમલમાં લાવવાનું આથી ઠરાવવામાં આવે છે:

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને IIM, CEPT, NIFT, NLU જેવી ALL INDIA લેવલની સ્પર્ધાત્મક પરીક્ષા તેમજ વિદેશ જવા માટે આપવી પડતી IELTS, TOEFL, GRE ની પરીક્ષામાંથી કોઇ પણ એક પરીક્ષાની પૂર્વ તૈયારી માટે તાલીમાર્થીને રૂ.૨૦,000/- અથવા ખરેખર ભરેલ ફી એ બે પૈકી જે ઓછું હોય તે તાલીમાર્થીના બેંક ખાતામાં DBT મારફતે ચૂકવવામાં આવશે.

તાલીમાર્થીઓને નીચે મુજબના ધારાધોરણના આધારે કોચિંગ સહાય મળવાપાત્ર રહેશે:

(૧) મૂળ ગુજરાતના વતની હોય તેવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થીઓને તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

(૨) તાલીમાર્થીએ CEPT, NIFT, NLUના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમની પ્રવેશ પરીક્ષાની કોચીંગ સહાય મેળવવા માટે ધો.૧૦માં ૬૫ % કે તેથી વધુ ગુણ મેળવેલા હોવા જોઇએ.

(૩) જ્યારે IIMના અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમની પ્રવેશ પરીક્ષાની કોચીંગ સહાય મેળવવા માટે વિદ્યાર્થીએ ધો.૧૨ના કોઇ પણ પ્રવાહમાં ૬૫% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ અને કોઇ પણ પ્રવાહના સ્નાતક અભ્યાસક્રમના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા હોવા જોઇએ અથવા સ્નાતક થયેલ હોય તો સ્નાતક કક્ષાની પરીક્ષામાં ૬0% થી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ.

(૪) IELTS, TOEFL, GRE જેવી વિદેશ અભ્યાસના હેતુસર આપવાની થતી પરીક્ષાની કોચીંગ સહાય માટે વિદ્યાર્થીએ ધો.૧૨ના કોઇ પણ પ્રવાહમાં ૬૫% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ.

(૫) તાલીમાર્થીના કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂ.૪.૫૦ લાખ કે તેથી ઓછી હોવી જોઇએ.

(૬) તાલીમાર્થીએ સંસ્થા પાસેથી તાલીમની હાજરીનું પ્રમાણપત્ર મેળવી રજૂ કરવાનું રહેશે.

(૭) તાલીમાર્થીને આ યોજનાનો લાભ ફક્ત એક જ વાર મળવાપાત્ર થશે.

(૮) તાલીમ આપનાર સંસ્થાના ત્રણ વર્ષના અનુભવ અંગેનું ચાર્ટડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર સંસ્થા પાસેથી મેળવીને રજૂ કરવાનું રહેશે.

તાલીમાર્થીએ નીચે મુજબના ધારાધોરણ ધરાવતી સંસ્થા કોચિંગ સહાય માટે પસંદ કરવાની રહેશે:

(૧) તાલીમાર્થીએ પસંદ કરેલ સંસ્થા GST/PAN નંબર ધરાવતી હોવી જોઇએ.

(૨) તાલીમ આપતી સંસ્થા મુંબઇ જાહેર ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦, કંપની અધિનિયમ, ૧૯૫૬, શોપ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, ૧૯૪૮ (દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ, ૧૯૪૮) પૈકી કોઇપણ અધિનિયમ હેઠળ નોંધણી થયેલ હોવી જોઇએ.

(૩) સંસ્થા ઓછામાં ઓછું ત્રણ વર્ષનો અનુભવ ધરાવતી હોવી જોઇએ.

(૪) સંસ્થા અન્ય સરકારી ધારાધોરણોનું પાલન કરતી હોવી જોઇએ.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૧૭/૦૯/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. જે. ખરાડી)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૪) સચિવશ્રીના અંગત મદદનીશ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) સંયુક્ત સચિવશ્રી(અ.જા.ક.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, બ્લોક નં. ૨/૭મો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર.

(૮) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૧) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.)(નિયામકશ્રી મારફત)

(૧૨) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
(૧૩) સિલેકટ ફાઇલ